વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક કાર્યરત ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ રજૂઆતો બાબતે સ્પષ્ટ સૂચનાઓ બહાર પાડવા બાબત.

## ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**ઠરાવ ક્રમાંક: SJED/EAA/e-file/17/2023/1971/A-1**

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૦૧/૦૮/૨૦૨૩

**<u>વંચાણે લીધા:</u>**

(૧) શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવ ક્રમાંક:બીસીએચ/૧૦૬૭/ ૩૭૦૮(૬૯)-જ

**<u>આમુખ:</u>**

રાજ્યમાં અનુસૂચિત જાતિના/પછાતવર્ગોના છાત્રો/છાત્રાઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી શકે અને તેઓ સામાજિક અને શૈક્ષણિક રીતે વિકાસ સાધી શકે તે બાબત ધ્યાનમાં લઈ આ છાત્રોને વિના મૂલ્યે રહેવા જમવાની સવલત મળી રહે તે મુખ્ય હેતુથી સરકારશ્રી દ્વારા સહાયક અનુદાન(ગ્રાન્ટ-ઇન-એઇડ)ના ધોરણે સ્વૈચ્છીક સંસ્થાઓને છાત્રાલયો ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે. તેમજ તે માટે શિક્ષણ અને મજૂર વિભાગના વંચાણે લીધેલ ક્રમાક (૧) પરના તા.૨૨/૦૫/૧૯૬૯ના ઠરાવથી નિયત કરવામાં આવેલ "ગુજરાત રાજ્યમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક રાહત-હોસ્ટેલો માટે નિયમો" અમલમાં છે. વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ/અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક કાર્યરત ગ્રાન્ટ-ઇન-એઈડ છાત્રાલયોને ટ્રસ્ટફેર/તબદીલ/ સ્થળફેર કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ માધ્યમોથી રજૂઆત કરવામાં આવે છે પરંતુ "ગુજરાત રાજ્યમાં પછાતવર્ગના વિદ્યાર્થીઓને શૈક્ષણિક રાહત-હોસ્ટેલો માટે નિયમો"માં કોઇ આ બાબતે કોઇ જોગવાઈ/સૂચનાઓ નિયત થયેલ નથી. આથી વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક કાર્યરત ગ્રાન્ટ-ઇન-એઇડ

છાત્રાલયો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ રજૂઆતો બાબતે સ્પષ્ટ સૂચનાઓ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક કાર્યરત ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો માટે સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી વિવિધ રજૂઆતો બાબતે નીચે મુજબની સ્પષ્ટ સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

**A બંધ પડેલ કે રદ થયેલ છાત્રાલય સામે નવા છાત્રાલય ચાલુ કરવા, નવા છાત્રાલયો શરૂ કરવા માટે:**

- બંધ પડેલ કે રદ થયેલ છાત્રાલય સામે નવા છાત્રાલય ચાલુ કરવા, નવા છાત્રાલયો શરૂ કરવા માટે જે-તે વર્ષના અંદાજપત્રમાં નવી બાબત રજૂ કરીને નવી બાબતની મંજૂરી મળ્યેથી છાત્રાલય શરૂ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**B ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયને ટ્રસ્ટફેર કરવા માટે:**

- સ્વૈચ્છિક ટ્રસ્ટ/સંસ્થાને જે-તે છાત્રાલય ચલાવવાની માન્યતા આપ્યા બાદ કોઇ પણ કિસ્સામાં છાત્રાલયના ટ્રસ્ટફેરની મંજૂરી આપવામાં આવશે નહિ.

**C ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયને તબદીલ (કન્યા થી કુમાર/કુમાર થી કન્યા) કરવા માટે:**

- સ્વૈચ્છિક ટ્રસ્ટ/સંસ્થાને જે હેતુ (કુમાર કે કન્યા) માટે છાત્રાલય ચલાવવાની માન્યતા આપી હોય ત્યારબાદ સામાન્ય કિસ્સામાં છાત્રાલયના તબદીલ(કન્યા થી કુમાર/કુમાર થી કન્યા)ની મંજૂરી આપવામાં આવશે નહિ. પરંતુ રાજ્યનાં અંતરિયાળ વિસ્તારમાં કન્યા કેળવણીને ઉત્તેજન મળતું હોય તેમજ રાજ્ય સરકારને વધારાનો કોઇ નાણાકીય બોજો ન પડતો હોય તેમજ ટ્રસ્ટ અને સ્થળ એક જ હોય તો વિભાગનો હવાલો ધરાવતાં મંત્રીશ્રી ખાસ કિસ્સામાં છાત્રાલયના તબદીલ (કુમાર થી કન્યા)ની મંજૂરી આપી શકાશે.

**D ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયને સ્થળફેર કરવા માટે:**

- ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયનું હાલનું મકાન (૧) જૂનું, બિસમાર અને ભયજનક હાલતમાં હોય, અથવા (૨) છાત્રાલયનું મકાન ભાડાનું હોય અને ખાલી કરવાના સંજોગોમાં ઉપસ્થિત થાય, અથવા (૩) સંસ્થા તરફથી મંજૂરી મેળવીને નવા મકાનનું બાંધકામ કરવામાં આવેલ હોય અથવા (૪) છાત્રાલયના હાલ હયાત મકાન કરતાં વધું સારા પ્રમાણમાં અદ્યતન

સગવડ ધરાવતું મકાન બનાવ્યું હોય કે વધુ સારા પ્રમાણમાં સગવડ ધરાવતું મકાન ભાડે રાખ્યું હોય તો,

ઉપરોક્ત સંજોગો ધ્યાનમાં લઇને, સંસ્થાની આવી સ્થળફેર બાબતની **દરખાસ્તની વિગતો મુજબ જો છાત્રાલયનું નવું મકાન હાલના મકાન/સ્થળની ૧૦ (દસ) કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં આવતું હોય તો,** (૧) ભાડાના મકાનમાંથી બીજા ભાડાના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત હોય તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ/નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ રહેશે. (૨) ભાડાના મકાનમાંથી સંસ્થાના પોતાની માલિકીના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ/નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ રહેશે. અને (૩) સંસ્થા પોતાના મકાનમાંથી ભાડાના મકાનમાં સ્થળ ફેરફાર કરે તો તેવા કિસ્સામાં સ્થળફેરની મંજૂરીની સત્તા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની રહેશે.

- સંસ્થાએ સ્થળફેર માટેની દરખાસ્ત નિયત ચેકલીસ્ટમાં વિગતો ભરી જરૂરી કાગળો સાથે આ વિભાગ હેઠળની સંબંધિત નિયામકશ્રીની કચેરી મારફતે જ દરખાસ્ત કરવાની રહેશે.(નમૂનો સામેલ છે)
- સંસ્થાને છાત્રાલયના સ્થળ ફેરફારની મંજૂરી ફકત એક જ વાર આપવામાં આવશે તે સિવાય સ્થળ ફેરફારની મંજૂરી આપવામાં આવશે નહિ.
- સંસ્થા પાસે હોસ્ટેલને બે વર્ષ સુધી સહાયક અનુદાન વગર ચલાવવા માટેનું ભંડોળ ઉપલબ્ધ હોય તો જ સંસ્થાની સ્થળફેરની દરખાસ્ત વિચારણામાં લેવાની રહેશે.
- સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ વર્ષના ઓડિટના પત્રકો રજૂ કરવાના રહેશે. જેને ધ્યાને લઇ સંસ્થાના પ્રોફિટ-લોસ-એકાઉન્ટ અને બેલેન્સ શીટની સમીક્ષા કરી, આત્મનિર્ભર સંસ્થાની માન્યતા રદ કરવાની રહેશે.
- સંસ્થા દ્વારા છાત્રાલય સ્થળફેર અંગે કરેલ ઠરાવ સામેલ રાખવાનો રહેશે. જે અંગે જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારી/નાયબ નિયામક દ્વારા તમામ સભ્યોની સહમતિ છે કે કેમ તે અંગેની ખાતરી કરવાની રહેશે.
- છાત્રાલયના હાલના સ્થળે છાત્રાલય સ્થળફેર બાબતે કોઇ વાંધા અરજી કે વિરોધ તેમજ કોઇ વિવાદ/કોર્ટકેસ ન હોય તો જ દરખાસ્ત વિચારણામાં લેવાની રહેશે.
- જો છાત્રાલયમાં હાલ તેની માન્ય સંખ્યાના ૨૦% બાળકો કે ૨૦ કે તેથી ઓછી સંખ્યા(બન્નેમાંથી જે વધુ હોય તે)માં બાળકો ઉપલબ્ધ ન હોય **અથવા** સંસ્થાની માન્ય

સંખ્યાના છેલ્લા ૫(પાંચ) વર્ષની સરેરાશ સંખ્યા ૫૦% કરતાં ઓછી હોય તો જે તે સંસ્થાની સ્થળફેરની જગ્યાએ માન્ય સંસ્થાની માન્યતા રદ કરવાની રહેશે.

- સંસ્થાએ છેલ્લા ૭ વર્ષમાં છાત્રાલયના બાંધકામ માટે સરકારી અનુદાન મેળવેલ હોય તો તે સંસ્થાની સ્થળફેરની દરખાસ્ત ધ્યાને લેવાની રહેશે નહી.
- છાત્રાલયના સ્થળફેરની દરખાસ્ત શૈક્ષણિક વર્ષ ચાલુ થયાના ૬(છ) માસ અગાઉ કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષ ચાલુ થયા બાદ દરખાસ્ત સ્વીકારવાની રહેશે નહી.
- માત્ર વિદ્યાર્થીઓ ન મળવાના કારણે છાત્રાલય બંધ થાય તેવા પ્રસંગે સ્થળફેરની દરખાસ્ત કરવામાં આવેલ હોય તો વિદ્યાર્થીઓ મળી રહેશે તેવા કારણોસર સ્થળફેરને મંજુરી આપી શકાશે નહી.
- જે હેતુ માટે અગાઉ છાત્રાલયની મંજુરી આપવામાં આવેલ છે તે હેતુ માટે જ સ્થળફેરની દરખાસ્ત હશે તો દરખાસ્ત ધ્યાને લેવાની રહેશે.
- મંજુરી મળ્યા બાદ જ સ્થળફેર કરવાનું રહેશે. મંજુરીની અપેક્ષાએ સ્થળફેર કરવાનું રહેશે નહી. જો મંજુરી મેળવ્યા વગર છાત્રાલયનું સ્થળફેર કરેલ હશે તો સહાયક અનુદાન મળવાપાત્ર થશે નહી તેમજ છાત્રાલયાની માન્યતા પણ રદ કરવામાં આવશે.

૩. ઉકત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી કોઇ પણ દરખાસ્ત સંબંધિત નિયામકશ્રીની કચેરી મારફતે જ કરવાની રહેશે. અન્યથા જરૂરી વિગતો/માહિતી વગરની અધૂરી દરખાસ્ત વિભાગ કક્ષાએથી બારોબાર દફતરે કરવામાં આવશે.

૪. સદર ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પરની માન.મંત્રી(સા.ન્યા.)ની તા.૨૦/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આર.જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારી (ક/ગ શાખા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી (ક/ગ શાખા),સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૩.

## ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય સ્થળફેર કરવા બાબતે રજૂ કરવાનું ચેકલીસ્ટ

| ક્રમ | મૂદ્દા | વિગત/માહિતી |
|---|---|---|
| ૧ | સંસ્થાનું નામ | |
| ૨ | સંસ્થાની નોંધણીની વિગતો | |
| ૩ | સંસ્થાના હાલના પ્રમુખ/મંત્રી/ટ્રસ્ટીનું નામ અને સરનામું | |
| ૪ | છાત્રાલયનું નામ | |
| ૫ | છાત્રાલયની માન્યતાનું વર્ષ | |
| ૬ | માન્યતા આપ્યાના પત્ર/આદેશ/ઠરાવ નંબર અને તારીખ (નકલ સામેલ રાખવી) | |
| ૭ | માન્યતા આપ્યા સમયે છાત્રાલયની માન્ય સંખ્યા | |
| ૮ | છાત્રાલયની હાલની માન્ય સંખ્યા (માન્યતા આપ્યાબાદ છાત્રાલયની માન્ય સંખ્યામાં વધારો કરવામાં આવેલ હોય તો કયારે અને કેટલી સંખ્યાનો વધારો આપવામાં આવેલ છે તેની વિગતો આધાર સાથે સામેલ રાખવી) | |
| ૯ | હાલના છાત્રાલયમાં છેલ્લા ૫ વર્ષમાં રહેલ વિદ્યાર્થીઓની સંખ્યાની યાદી તેમજ સદર સંસ્થાને છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાઇઝ આપેલ અનુદાનની વિગતો રજૂ કરવી. | |
| ૧૦ | સંસ્થાએ હાલના સ્થળે છાત્રાલયનું મકાન બાંધવા સરકારી અનુદાન મેળવેલ છે કેમ? 'હા' તો વિગતો રજૂ કરવી. | |
| ૧૧ | સંસ્થા છાત્રાલય કયા સ્થળ/મકાનમાં સ્થળફેર કરવા માંગે છે તેની વિગતો. | |
| ૧૨ | સંસ્થાએ છાત્રાલય સ્થળફેર અંગે રજૂ કરેલ કારણો | |
| ૧૩ | સંસ્થા દ્વારા છાત્રાલય સ્થળફેર કરવા અંગે કરેલ ઠરાવની નકલ | |
| ૧૪ | આવા સ્થળ ફેરફાર માટે છાત્રાલયે તેના સંસ્થાના ૫૦ ટકાથી વધારે સભ્યોની અને છાત્રાલયના ગૃહપતિ/ગુહમાતાની અને અન્ય સ્ટાફની લેખિતમાં સમંતિની નકલ રજૂ કરવી. | |
| ૧૫ | અગાઉ સંસ્થા દ્વારા છાત્રાલય સ્થળફેર કરાવેલ છે કે કેમ? તેની વિગતો | |
| ૧૬ | સંસ્થા છાત્રાલય જે સ્થળે ફેરફાર કરવા માંગે છે તે સ્થળ/મકાન સંસ્થાની માલિકીનું હોય તો માલિકના આધાર પુરાવાની વિગતો | |

| | | |
|---|---|---|
| | રજૂ કરવી. અને મકાન ભાડાનું હોય તો મકાન માલિક સાથેના ભાડાના કરારની વિગતો રજૂ કરવી. | |
| ૧૭ | સૂચિત નવા સ્થળના મકાન માટેનું મકાન વપરાશનું પ્રમાણપત્ર (B.U.P.) તેમજ ફાયર સેફટી અંગેનું પ્રમાણપત્ર | |
| ૧૮ | સૂચિત નવા સ્થળના મકાનમાં કૂલ ઓરડાની, સંડાસની, મુતરડીઓની સંખ્યા કેટલી છે તેની વિગતો ક્ષેત્રફળ સાથે રજૂ કરવી. | |
| ૧૯ | સૂચિત નવા સ્થળે કયાં ધોરણ સુધી અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે? તેની વિગતો. | |
| ૨૦ | સૂચિત નવા સ્થળેના મકાનનો પ્રિન્ટવાળો પ્રમાણિત નકશો તેમજ મકાનના ફોટોગ્રાફસ રજૂ કરવા. | |
| ૨૧ | સૂચિત નવા સ્થળના મકાનની ૧૦ કિ.મી.ની ત્રિજયામાં અન્ય કોઇ છાત્રાલય આવેલ છે કે કેમ? તેની વિગતો | |
| ૨૨ | છાત્રાલયના હાલના સ્થળેથી છાત્રાલય સ્થળફેર બાબતે કોઇ વાધાં અરજી કે વિરોધ અરજી તેમજ કોઇ વિવાદ/કોર્ટકેસ નથી તે મતલબનું સંસ્થાનું પ્રમાણપત્ર | |
| ૨૩ | હાલના સ્થળેના છાત્રાયલના કર્મચારીઓ સૂચિત છાત્રાલયના સ્થળે ફરજ બજાવવા સંમત છે કે કેમ? તેની વિગતો | |
| ૨૪ | સૂચિત છાત્રાલયના સ્થળે પૂરતી વિદ્યાર્થીઓની સંખ્યા મળી રહે તેમ છે કે કેમ? તેની વિગતો સૂચિત વિર્દ્યાર્થીઓની યાદી સહ રજૂ કરવી. | |
| ૨૫ | સંસ્થા સૂચિત સ્થળે કયારથી છાત્રાલય શરૂ કરવા માંગે છે? તેની વિગતો રજૂ કરવી. | |
| ૨૬ | સંસ્થાના હાલના છાત્રાલયના સ્થળે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ભવિષ્યના અભ્યાસના આયોજન અંગેની વિગતો રજૂ કરવી. | |
| ૨૭ | છાત્રાલયના સ્થળફેર અંગે સંબંધિત નિયામકશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય | |

(સહિ)

નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ/નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.